સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી દ્વારા

આફ્રિકન યુનિવર્સિટીઓ સાથે ઐતિહાસિક કરાર

ગાંધીનગર,તા. ૨

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ના સ્ટડી ઈન ગુજરાત કેમ્પેઇન શરુ કરવામાં આવ્યું છે જેમાં ગુજરાત રાજ્ય ની યુનિવર્સિટીઓ ને વિવિધ માપદંડો ના આધારે શોર્ટલિસ્ટ કરવામાં આવી છે અને તેમાં અંતિમ ૨૨ યુનિવર્સિટીઓ ને શોર્ટલિસ્ટ કરવામાં આવી છે.

આજે જયારે ગુજરાત રાજ્ય ઈન્ડસ્ટ્રી વિકાસ અને સ્ટાર્ટઅપ માં ભારત માં અગ્રેસર છે ત્યારે એજ્યુકેશન ક્ષેત્રે પણ ગુજરાત સર્વશ્રેઠ ભૂમિકા ભજવે છે. શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા 'સ્ટડી ઈન ગુજરાત કેમ્પેઇન' દ્વારા શોર્ટલિસ્ટ થયેલી યુનિવર્સિટીઓ ના પ્રતિનિધિઓ રાજ્ય બહાર ના શહેરો માં જેમ કે નાસિક, રાંચી, પટના, હૈદરાબાદ, ગુવાહાટી, લખનૌ તથા ભારત દેશ ની બહાર જેમ કે આફ્રિકા, દુબઈ, કુવૈત વિગેરે દેશો માં જઈને ત્યાંના વિદ્યાર્થીઓ ને ગુજરાત રાજ્ય માં ઉચ્ચતર ભણતર માટે પ્રોત્સાહન અને માર્ગદર્શન આપે છે.

૧૨ ફેબ્રુઆરી થી સ્ટડી ઈન ગુજરાત કેમ્પેઇન અંતર્ગત શ્રીમતી વિભાવરી દવે, ગુજરાત રાજ્ય શિક્ષણ મંત્રી તથા મહિલા અને બાળવિકાસ મંત્રી અને શ્રીમતી અંજુ શર્મા, પ્રિન્સિપાલ સેક્રેટરી,હાયર સેકન્ડરી એન્ડ ટેક્નિકલ એજ્યુકેશન વિભાગ, ગુજરાત સરકાર ની આગેવાની હેઠળ યુનિવર્સિટી ના ડેલિગેશન આફ્રિકા ના વિવિધ દેશો જેમ કે કેન્યા, યુગાન્ડા, ઝિમ્બાબ્વે, મોઝામ્બિકા ની મુલાકાતે છે.

તેમાં સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા કુલ ૯ એમઓયુ કરવામાં આવ્યા છે, જેમાં ટોમ એમબોયા યુનિવર્સિટી, માઉન્ટ કેન્યા યુનિવર્સિટી, મસાઇ મારા યુનિવર્સિટી, વિક્ટોરિયા યુનિવર્સિટી, કમ્પાલા ઈન્ટરનેશનલ યુનિવર્સિટી, લીલા ફાઉન્ડેશન, યુગાન્ડા, હરારે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, હમઝા ઈન્ટરનેશનલ સ્કૂલ, મોઝામ્બિક, યુનિવર્સિટી ઓફ પેડાગોગી, મોઝામ્બિક નો સમાવેશ થાય છે. સ્ટુડન્ટ એક્સચેન્જ, રિસર્ચ, ફેકલટી ડેવલપમેન્ટ,સ્ટાર્ટઅપ, અંગ્રેજી ભાષા પર તાલીમ વિગેરે મહત્ત્વના ક્ષેત્રે કરાર થયા છે. આફ્રિકા અને ગુજરાત રાજ્ય સાથે મળીને વિકાસ ની નવી દિશા માં એજ્યુકેશન દ્વારા આગળ વધે તે હેતુ મુખ્ય છે.

ડાયરેક્ટ ❤ સે

જે પોતાનું નામ
પોતાના કર્મોથી
બનાવે તે જ
ઉત્તમ માણસ...

જન્મદિને વધામણી

સુકેતુ મહેતા
રક્તદાતા, સમાજસેવક

આશિષ પટેલ
રાધે રાધે ગ્રુપ

કડી કેમ્પસની ચાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વાર્ષિકોત્સવની ઉજવણી

ગાંધીનગર,તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર શાખા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર-૧૨, મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬ ડો.વિક્રમભાઈ સારાભાઈ વિદ્યાલય, પાલજ ની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો વાર્ષિકોત્સવ તા.૨૭/૦૨/૨૦૨૦ નાં રોજ યોજવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને પૂર્વ પ્રાથમિક શિક્ષણ નિયામકી આર.સી.રાવલ સાહેબ, મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.ભરતભાઈ વઢેર, કેળવણી મંડળના કેમ્પસ ડાયરેક્ટરશ્રી ડૉ.સોમભાઈ પટેલ, કૉ-ઓર્ડીનેટર નટુભાઈ લાડાણી, કેળવણી મંડળના વહીવટી કર્મચારીશ્રી નરસિંહભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ચારેય શાળાઓના અગાઉના વર્ષમાં વર્ગમાં પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી દર વર્ષે અપાતી શિષ્યવૃત્તિ તેમજ શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા.રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને પણ બિરદાવવામાં આવ્યા હતા. સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારની ચૌધરી સુહાની કુસ્તીની સ્પર્ધામાં રાષ્ટ્ર કક્ષાએ પ્રથમ ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. તે જ રીતે ખેલ મહાકુંભ ૨૦૧૯-૨૦ અંતર્ગત દિવ્યાંગ વિદ્યાર્થીઓની બોસી રમતની સ્પર્ધામાં સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારનો વિદ્યાર્થી દંતાણી રાહુલ પ્રથમ ક્રમાંક તેમજ મહાત્મા ગાંધી વિદ્યામંદિરનો વિદ્યાર્થી અંજારા સંજય હરેશભાઈએ પ્રથમ ક્રમાંક મેળવી શાળાઓને ગૌરવ અપાવેલ છે.

સમારંભના અધ્યક્ષશ્રી આર.સી.રાવલ સાહેબે વિદ્યાર્થીઓને અનેક ઉદાહરણો દ્વારા પોતાની જાતને કેવી રીતે સફળતા તરફ લઇ જવી તે અંગે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું .તેમજ જીવનમાં પ્રામાણિકતાના મૂલ્ય વિશે સમજાવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પણ આગામી માર્ચ-૨૦૨૦ની બોર્ડની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરવા શું કરવું તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉપરોક્ત ચારેય શાળાઓના વાર્ષિકોત્સવનાં આયોજનનું સફળ સંચાલન કો.ઓર્ડીનેટરશ્રી નટુભાઈ લાડાણી તેમજ સેક્ટર-૭ ની શાળાનાં આચાર્યશ્રી મુકેશભાઈ જાની, આચાર્યશ્રી ભાવેશભાઈ જાની, આચાર્યશ્રી લાખાભાઈ રાતડીયા અને આચાર્યશ્રી કૈલાસબેન પટેલે કર્યું હતું

એન.એસ.એસ. સ્વયમ સેવક દ્વારા પ્રોઢ શિક્ષણના વર્ગોનું આયોજન

ગાંધીનગર, તા. ૨

ગૂજરાત વિધાપીઠ અમદાવાદની સ્થાપનાના ૧૦૦ વર્ષ ,રાષ્ટ્રીય સેવા યોજનાના

સ્થાપનાના ૫૦ વર્ષ અને ગાંધીજીના જન્મ જયંતીના ૧૫૦ વર્ષને ધ્યાનમાં રાખી શારીરિક શિક્ષણની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયમ સેવકોએ દ્વારા સાદરા પરિસર અને સાદરા ગામના ઠાકોરવાસમાં પ્રોઢ શિક્ષણના વર્ગોનું આયોજન કરવામાં આવી રહ્યો છે સ્વયમ સેવક જીનાલી મોંતા, હસ્તી વેગડ, રીધ્ધી સોલંકી, જસ્મીન ઠાકોર અને રણવીરસિંહ રહેવર પોતાના ભળવાનું સમયમાંથી સમય કાઢી નિરક્ષર લોકોને ભણાવી રહ્યા છે ગૂજરાત વિધાપીઠ શતાબ્દી વર્ષને ધ્યાનમાં રાખી આ અદ્ભુત આયોજન થઇ રહ્યો છે અને પૂજ્ય બાપુ મહાત્મા ગાંધીજીના ૧૫૦મી જન્મ જયંતીને ધ્યાનમાં રાખી સ્વય સેવકો ગાંધીજીના બતાવેલ મંત્રો અને રચનાત્મક કાર્યક્રમોને અનુસરી ગામડાના નિરક્ષરો માટે સાક્ષરતાના વર્ગોનું આયોજન ગામના સરપંચ શ્રી ભલ્લું ભાઈ દેસાઈના માર્ગદર્શન અને પ્રેરણા સ્વરૂપે સાદરા ગામના ઠાકોરવાસમાં શ્રી જસ્મીન ઠાકોર અને શ્રી રણવીરસિંહ રહેવર બપોરના સમયમાં સાક્ષરતાના વર્ગો ચલાવી રહ્યા છે જયારે ગૂજરાત વિધાપીઠ, સાદરાના પરિસરમાં જીનાલી મોંતા, હસ્તી વેગડ, રીધ્ધી સોલંકી વિશેષમાં બહનો સ્વય સેવક સાક્ષરતાના વર્ગો ચલાવી રહ્યા છે સાથે સાથે નાના બાળકો માટે તેમના વિષયોના વિશેષ વર્ગોનું પણ આયોજન કરવામાં આવી રહ્યો છે એમના આ અમૂલ્ય અને અતુલ્ય કામગીરી માટે સંસ્થાના કુલસચિવશ્રી ડો. રાજેન્દ્રભાઈ ખીમાણી, કુલનાયકશ્રી ડો. અનામિકભાઈ શાહ, રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજકશ્રી ડો. અરુણભાઈ ગાંધી, સંસ્થાના ડીનશ્રી ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના

પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટે તેમને ખુબજ અભિનંદન આપ્યું છે.

શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ દ્વારા જોડણીના નિયમો અને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા. ૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેક્ટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ શાળાઓના ગુજરાતી વિષયના શિક્ષકો અને બી.એડ.કોલેજના તાલીમાર્થીઓ વ્યાકરણથી સજ્જ થાય તે હેતુથી જોડણીના નિયમો વિશે કાર્ય શિબિર તેમજ પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહેલા ડૉ.હીનાબેન મહેતાએ જોડણી કોશ વિશે માહિતી આપી, શબ્દોની ગોઠવણી, શબ્દોનું સંસ્કૃત તત્સમ અને તદભવનું ઉચ્ચારણ, તે શબ્દોની જોડણી, જોડણીમાં આવતા એકાક્ષરો વિગેરે વિશે વિવિધ ઉદાહરણ આપી સમજ આપી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષક ભાઈ-બહેનો અને બી.એ.ડ.કોલેજના તાલીમાર્થીઓને પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેમ્પસ ડાયરેક્ટર ડૉ.સોમભાઈ પટેલ સર તેમજ એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના એચ. ઓ.ડી. ડૉ.જિજ્ઞાસાબેન જોશી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ સંસ્થા પરિવાર વતી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

સમર્પણ પબ્લીક સ્કૂલ ખાતે સ્પોર્ટસ-ડેની ભવ્ય ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨

સમર્પણ પબ્લિક સ્કુલ ખાતે સ્પોર્ટસ ડે નું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમા સ્કુલના મેનેજીંગ ડાયરેક્ટર મહેન્દ્રસિંહ વાઘેલા, આચાર્ય શ્રીમતી નિધિ શર્મા તેમજ રમત-જગત ન્યુઝના એડિટર ભુપેંદ્ર સુતોરિયાનાની આગેવાની હેઠળ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ માર્ચપાસ કર્યા બાદ આચાર્ય તેમજ મહેમાનના હસ્તે મશાલ પ્રાગટ્ય કરવામાં આવ્યું ત્યાર બાદ સંસ્થાના મેનેજીંગ ડાયરેક્ટર માનનીયશ્રી મહેંદ્રસિહ સરના હસ્તે ફુગ્ગાને છુટા મૂકી તેમજ ફટાકટાના નાદ સાથે સ્પોર્ટસ કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યા.

જેમા અલગ અલગ સ્પોર્ટસ રમતોજેવીકે૧૦૦મીટરદોડ,કોથળા દોડ , સ્લોસાઈડાલિંગ, ચકફેક, ગોળાફેક, જેવી રમતોનું આયોજન

કરવામાં આવ્યું હતું. તેમાં પ્રથમ , દ્વિતિય , તૃતીય નંબર પ્રાપ્ત કરનાર વિજેતાઓને મેડલ તેમજ સર્ટિફેકટ આપી સન્માનવામાં આવ્યા તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.

કોલવડા સ્કૂલ ખાતે શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨

શ્રીમતિ કે. કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે ધો – ૧૦ અને ૧૨ ના બોર્ડના વિદ્યાર્થીનો 'શુભેચ્છા સમારોહ' નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાથે આજ રોજ વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દી માટે ઈશ્વરના આશીર્વાદ મેળવવા હેતુસર 'ગાયત્રીયજ્ઞનું' આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્યા મેડમશ્રી શ્રીમતી ભાવનાબા વાઘેલાએ વિદ્યાર્થીઓને સમગ્ર શાળા પરિવાર વતી શુભેચ્છા પાઠવી હતી. શાળાના તમામ વિદ્યાર્થીઓએ યજ્ઞમાં આહુતિ આપી હતી. સમગ્ર કાર્યક્રમને અંતે તમામ વિદ્યાર્થીઓને અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતુ. છેલ્લે, રિસિપ્ટ વિતરણ પછી બધાના હૃદયથી આશીર્વાદ લઈ સર્વે છૂટા પડયાં હતા.

એસ.વી. અને એસ .જી. પ્રાયમરી સ્કૂલમાં ઇન્ટરનેશનલ ડાન્સ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨

એસ.વી. અને એસ .જી .ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલમાં તા-૨૮-૦૨-૨૦૨૦ને શુક્રવારના રોજ ધોરણ -૧ થી ૪ ના વિધ્યાર્થીઓ માટે ઈન્ટર નેશનલ ડાન્સ સ્પર્ધાનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં વિધ્યાર્થીઓ અને વિધ્યાર્થિનીઓએ વિવિધ ગીતો પર ડાન્સ રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં એસ.વી. સ્કૂલના ધોરણ ૧ અને ૨ ના

વિધ્યાર્થીઓનો પ્રથમ નંબર આવ્યો હતો. તેમજ એસ.જી. સ્કૂલ ના ધોરણ – ૪ ના વિધ્યાર્થીઓનો પ્રથમ નંબર આવ્યો હતો. બાળકોએ આ સ્પર્ધામાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

જે બી પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા અદ્ભૂત કલાપ્રદર્શન

ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે. બી. પ્રાથમિક શાળાનાં બાળકો અને કલા શિક્ષકોનાં સાયુક્ત પ્રયાસથી ૨૬મી ફેબ્રુઆરીએ કેનવાસ પેઈન્ટીંગ, ગ્લાસ પેઈન્ટીંગ, રંગોળી અને હસ્તકલા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ પોતાની આગવી સૂઝથી કેવવાસ પર સુંદર ચિત્રો, હસ્તકલાનાં નમૂના અને રંગોળીનું સર્જન કરી પોતાની શક્તિઓને ખીલવી હતી.

આ પ્રદર્શનમાં બાળકલાકારોને પ્રોત્સાહન પૂરું પાડી તેમના ઉત્સાહમાં વધારો થાય તથા બાળકો શિક્ષણની સાથે સાથે વિવિધ કલાઓમાં અગ્રેસર રહે અને તેમાં વ્યાવસાયિક દૃષ્ટિકોણ સાથે પગભર બને તેવા શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે તમામ બાળ કલાકારોને આશીર્વાદ સહ અભિનંદ પાઠવ્યા હતા.